

# સુપરમાર્કેટમાં ‘શિપ-ઈંગ’!!

નજીકના ખેતરમાંથી છોડવામાં આવેલા ભૂખ્યા ઘેટાંના ટોળાએ સુપરમાર્કેટમાં ધસી જઈને હંગામો મચાવ્યો હતો, જેને જોઈને ગ્રાહકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. દક્ષિણ જર્મનીના બાવેરિયા રાજ્યમાં સોમવારે અંદાજે 50 જેટલા ઘેટાં ‘પેની’ નામના ડિસ્કાઉન્ટ સુપરમાર્કેટમાં ઘૂસી ગયા હોવાના દ્રશ્યો વીડિયો ફૂટેજમાં કેદ થયા હતા. દરવાજા તોડીને અંદર પ્રવેશ્યા પછી, આ ઘેટાં લગભગ 20 મિનિટ સુધી ચેકઆઉટ વિસ્તાર (બિલિંગ કાઉન્ટર) પાસે એકસાથે ટોળે વળીને ઊભા રહ્યા હતા અને ત્યારબાદ પોતે જ બહાર નીકળી ગયા હતા.

ગ્રાહકો અને દુકાનના કર્મચારીઓએ કાઉન્ટર પર હાથ પછાડીને અવાજ કરી પ્રાણીઓને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો - પરંતુ આ ‘વૂલી બાર્ગેન હંટર્સ’ (સસ્તું શોધવા નીકળેલા ઘેટાં) જ્યાં સુધી પોતે તૈયાર ન થયા ત્યાં સુધી સ્ટોરમાં જ રહેવા મક્કમ જણાતા હતા.

# અમે શેરીમાંથી દરેક કૂતરાને દૂર કરવાનો આદેશ આપ્યો નથી: સુપ્રીમ

**રખડતા** કૂતરાઓના કેસમાં સુપ્રીમ કોર્ટમાં રસપ્રદ દલીલો થઇ, આજે સુનાવણી આગળ વધશે





નવી દિલ્હી, તા. 8: સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે તેણે શેરીઓમાંથી દરેક કૂતરાને હટાવવાનો નિર્દેશ આપ્યો નથી અને નિર્દેશ માત્ર એટલો જ હતો કે આ રખડતા શ્વાનો સાથે ‘એનિમલ બર્થ કંટ્રોલ’ (ABC) નિયમો મુજબ વર્તવામાં આવે.

જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની બનેલી ત્રણ જજોની વિશેષ બેન્ચ કૂતરા પ્રેમીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ સહિતની અરજીઓ પર સુનાવણી કરી રહી હતી, જેમાં અગાઉના આદેશોમાં સુધારાની અને નિર્દેશોના કડક પાલનની માંગ કરવામાં આવી હતી. જસ્ટિસ મહેતાએ અવલોકન કર્યું કે, અમે શેરીઓમાંથી દરેક કૂતરાને હટાવવાનો નિર્દેશ આપ્યો નથી. નિર્દેશ તેમને નિયમો મુજબ રાખવાનો છે.

બેન્ચે વરિષ્ઠ વકીલો સી.યુ. સિંઘ, કૃષ્ણન વેણુગોપાલ, ધ્રુવ મહેતા, ગોપાલ શંકરનારાયણન, શ્યામ દિવાન, સિદ્ધાર્થ લુથરા અને કરુણા નંદી સહિતના વકીલોની રજૂઆતો સાંભળી હતી. શરૂઆતમાં, વરિષ્ઠ વકીલ ગૌરવ અગ્રવાલ, જેઓ આ બાબતમાં ‘એમિકસ ક્યુરી’ (અદાલતના મિત્ર) તરીકે સર્વોચ્ચ અદાલતને મદદ કરી રહ્યા છે, તેમણે બેન્ચને જાણ કરી હતી કે ચાર રાજ્યોએ બુધવારે આ મામલે તેમના પાલન અંગેના સોગંદનામા દાખલ કર્યા છે.સિંઘે કહ્યું કે તેઓ સર્વોચ્ચ અદાલત દ્વારા પસાર કરાયેલા આદેશો પર સવાલ નથી ઉઠાવી રહ્યા અને માત્ર બેન્ચને વિનંતી કરી રહ્યા છે કે તે આદેશોમાં થોડો ફેરફાર કરે. તેમણે કહ્યું, આ કૂતરાઓને પણ એવી રીતે નિયંત્રિત કરવા દો જે એકમાત્ર અસરકારક રીત સાબિત થઈ છે, અને તે છે નસબંધી, ખસીકરણ અને ફરીથી તે જ વિસ્તારમાં મુક્ત કરવા.

બેન્ચે પૂછ્યું, અમને કહો કે દરેક હોસ્પિટલના કોરિડોરમાં, વોર્ડમાં, દર્દીના પલંગ પાસે કેટલા કૂતરા ફરતા હોવા જોઈએ? સિંઘે કહ્યું કે આ બાબતમાં સર્વોચ્ચ અદાલતનો ઈરાદો શંકાથી પર છે અને અદાલતે નોંધ્યું હતું કે કેવી રીતે ABC નિયમો અને અદાલતો દ્વારા પસાર કરાયેલા આદેશોનો અમલ કરવામાં આવ્યો નથી. તેમણે કહ્યું, આપ નામદારને જે બાબતે ચિંતિત કર્યા છે તે એ છે કે એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સ અમલમાં હોવા છતાં અને તેને લાગુ કરવાના કોર્ટના આદેશો હોવા છતાં, મોટી સંખ્યામાં રાજ્યો અને કેટલાક શહેરોમાં તેનો અમલ થઈ રહ્યો નથી. કેટલાક વકીલોએ આ મુદ્દાનો ઉકેલ લાવવા માટે સૂચનો પણ આપ્યા હતા. આ મામલે સુનાવણી અધૂરી રહી હતી અને શુક્રવારે પણ ચાલુ રહેશે.

### એક મહિલાએ જજોને “You Guys” કહીને સંબોધ્યા!

### જો કે વકીલોએ ટકોર કરતા ભૂલ સુધારીને માફી માગી

### જસ્ટિસ વિક્રમ નાથે આ બાબત સહજતાથી લીધી

સુનાવણી દરમિયાન મહિલાએ જજોનો આભાર માનતા પોતાની વાત શરૂ કરી અને તેમને સીધા જ “You Guys” કહીને સંબોધ્યા. સુપ્રીમ કોર્ટના પ્રોટોકોલ મુજબ, જજોને સંબોધવા માટે વિશેષ શબ્દાવલીનો ઉપયોગ કરવો અનિવાર્ય હોય છે, જેમ કે ‘મિલોર્ડ’, ‘યોર લોર્ડશિપ’ અથવા ‘યોર ઓનર’. મહિલાના આ સામાન્ય પણ અનૌપચારિક સંબોધને કોર્ટરૂમમાં હાજર વકીલો અને અન્ય લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. મહિલાની આ અણધારી શબ્દ પસંદગી પર કોર્ટમાં હાજર કેટલાક વકીલોએ ધીમેથી તેમને અટકાવ્યા અને સમજાવ્યું કે કોર્ટમાં બોલતી વખતે આ પ્રકારનું સંબોધન કરવામાં આવતું નથી. મહિલાએ તરત જ પોતાની ભૂલ સ્વીકારી અને માફી માંગી. તેમણે જણાવ્યું કે તેમને કોર્ટના નિયમોની સંપૂર્ણ જાણકારી નહોતી અને તેમનો હેતુ માત્ર જજો પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો હતો. જોકે, જસ્ટિસ વિક્રમ નાથે આ પરિસ્થિતિને અત્યંત સહજતાથી સંભાળી હતી. તેમણે મહિલાને આશ્વાસન આપતા કહ્યું, “કોઈ વાંધો નહીં, તે ઠીક છે.” આ સાથે જ જજે કોઈ પણ ઔપચારિકતા કે બિનજરૂરી ધ્યાન ભટકાવ્યા વગર સુનાવણી આગળ વધારી હતી. તેમના આ વર્તને કોર્ટના પ્રોટોકોલ અને માનવીય અભિગમ વચ્ચેના સંતુલનનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### કૂતરો માણસનો ભય પારખી શકે છે: સુનાવણી દરમ્યાન કેટલીક રસપ્રદ ચર્ચા

કૂતરો માણસનો ભય પારખી શકે છે. તે એવા માણસને પારખી શકે છે જે કૂતરાઓથી ડરતો હોય. જ્યારે તેને આવો અહેસાસ થાય ત્યારે તે હંમેશા હુમલો કરશે. અમે આ વ્યક્તિગત અનુભવથી કહી રહ્યા છીએ એમ સુનાવણી દરમ્યાન એક જજે કહ્યું હતું.

કપિલ સિબ્બલે કહ્યું: મેં ચિકન ખાવાનું બંધ કરી દીધું છે કારણ કે તેમને ખૂબ જ ક્રૂર રીતે પાંજરામાં રાખવામાં આવે છે. બીજી બાજુ એ છે કે જો એક વાઘ નરભક્ષી હોય, તો તેનો અર્થ એ નથી કે તમામ વાઘને નરભક્ષી ગણીને મારી નાખવા જોઈએ.

કોર્ટે કહ્યું તમે કેવી રીતે ઓળખી શકો? કૂતરો સવારમાં કયા મૂડમાં છે, તે તમે જાણતા નથી.

એક વકીલે કહ્યુંકૂ કૂતરાઓ સંવેદનશીલ જીવો છે. કૂતરાઓને ઝેર આપવામાં આવ્યું છે, માર મારવામાં આવ્યો છે અને તેમનો શ્વાસ રુંધવામાં આવ્યો છે. ભારતમાં મનુષ્યો દ્વારા કૂતરાઓને મારવા, ઝેર આપવું અને તેમના પર બળાત્કાર કરવો એ સામાન્ય પ્રથા બની ગઈ છે.

### એક વકીલે કહ્યું કે કૂતરાઓ પકડવાથી ઉંદરોનો ત્રાસ વધી જશે!

### સુપ્રીમ કોર્ટે કહ્યું કે આના માટે તો બિલાડીઓ પાળવાની જરૂર છે

તેમની રજૂઆતો દરમિયાન, એક વકીલે કહ્યું કે દિલ્હી જેવી જગ્યાઓ પર ઉંદરોનો ત્રાસ છે અને રાષ્ટ્રીય રાજધાનીમાં વાંદરાઓની પણ એક અનોખી સમસ્યા છે. તેમણે કહ્યું કે શ્વાનોને અચાનક હટાવવાથી ઉંદરોની વસ્તીમાં વધારો થશે, જેના ગંભીર પરિણામો આવી શકે છે. તેમણે ઉમેર્યું, જ્યારે ઉંદરોની વસ્તી વધે છે, ત્યારે આપણે ખૂબ જ વિનાશક પરિણામો જોયા છે. જસ્ટિસ મહેતાએ હળવા અંદાજમાં અવલોકન કર્યું કે, કૂતરા અને બિલાડીઓ દુશ્મન છે. બિલાડીઓ ઉંદરોને મારે છે. તેથી આપણે વધુ બિલાડીઓને પ્રોત્સાહન આપવું જોઈએ. સુપ્રીમ કોર્ટમાં બુધવારે રખડતા કૂતરાઓ (Stray Dogs) સંબંધિત કેસની સુનાવણી દરમિયાન એક રસપ્રદ અને ચર્ચાસ્પદ દ્રશ્ય જોવા મળ્યું હતું. જસ્ટિસ વિક્રમ નાથની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની બેન્ચ સમક્ષ પ્રાણી પ્રેમીઓ, નિષ્ણાતો અને પીડિત પક્ષો પોતાની રજૂઆત કરી રહ્યા હતા, ત્યારે એક મહિલાએ અજાણતામાં કોર્ટના કડક પ્રોટોકોલનો ભંગ કર્યો હતો.

# ટ્રમ્પના વાળ ગુલાબી કેમ થઇ ગયા?



**હેરસ્ટાઈલિસ્ટે** ખોલ્યું ‘કોટન કેન્ડી’ લુક પાછળનું રહસ્ય!

લંડન, તા. ૮: વોશિંગ્ટન ડી.સી.માં મંગળવારે આપેલા એક ભાષણ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પના વાળ કેમ ગુલાબી દેખાતા હતા, તે પાછળનું કારણ એક હેરસ્ટાઈલિસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે.

79 વર્ષીય ટ્રમ્પે ગઈકાલે ‘જોન એફ. કેનેડી સેન્ટર ફોર ધ પરફોર્મિંગ આર્ટ્સ’ ખાતે રિપબ્લિકન પાર્ટીના સભ્યોને સંબોધિત કર્યા હતા, ત્યારે તેમના વાળ સ્પષ્ટપણે ગુલાબી રંગની ઝલક ધરાવતા હતા. સોશિયલ મીડિયા યુઝર્સે તેની સરખામણી ‘કોટન કેન્ડી’ સાથે કરી હતી. લંડન સ્થિત હેરસ્ટાઈલિસ્ટ ગુસ્તાવ ફૌચેના જણાવ્યા અનુસાર, આ ગુલાબી રંગ ‘ટોનિંગ’(Toning) ને સંબંધિત હોઈ શકે છે. ફૌચેએ ડેઈલી મેઈલને જણાવ્યું હતું કે: વાળને સિલ્વર અથવા આછા બ્લોન્ડ લુક આપવા માટે, પીળાશને દૂર કરવા માટે ઘણીવાર ‘વાયલેટ ટોન્સ’ (જાંબલી રંગના શેડ્સ) ઉમેરવામાં આવે છે. જો કે, જો વાયલેટ કલરનો ઉપયોગ ખૂબ વધારે કરવામાં આવે અથવા તેને થોડી વધારે વાર માટે વાળમાં રાખવામાં આવે, તો તે રંગ બદલી શકે છે અને વાળ કૂલ કે ન્યુટ્રલ દેખાવાને બદલે ગુલાબી દેખાવા લાગે છે.



# ઈલોન મસ્કે પોતાના પુત્રનું નામ ભારતીય વૈજ્ઞાનિકના નામ પરથી રાખ્યું

**ઈલોન** મસ્કને 14 બાળકો છે, તે બધામાં કેટલાંકનાં નામ અનોખાં છે

કેલિફોર્નિયા, તા. 8: દુનિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિ ઈલોન મસ્કે પોતાના પુત્રનું નામ એક ભારતીય વૈજ્ઞાનિકના નામ પરથી રાખ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં આ માહિતી શેર કરી હતી. ટેસ્લાના એક હેન્ડલે ઈલોન મસ્કની તેમના બે બાળકો સાથેની તસવીર શેર કરી હતી. મસ્કે આ તસવીરનો જવાબ એક પોસ્ટ દ્વારા આપ્યો હતો.

ઇલોન મસ્કે પોતાની એક્સ પોસ્ટમાં લખ્યું, ‘ ’મેં મારા પુત્રનું નામ સ્ટ્રાઇડર શેખર (જેનું નામ અરાગોર્ન અને મહાન ભારતીય વૈજ્ઞાનિક ચંદ્રશેખરના નામ પરથી રાખવામાં આવ્યું છે) અને પુત્રી કોમેટ એઝ્યુર સાથે, જેનું નામ એલ્ડેન રિંગના માસ્ટર પાવરફુલ સ્પેલના નામ પરથી રાખવામાં આવ્યું છે.’’

ઈલોન મસ્કને 14 બાળકો છે. તે બધામાં કેટલાંકનાં નામ અનોખાં છે, જેમાં એકનું નામ X A-Xii મસ્ક છે. પરંતુ એ બધામાંથી એક બાળકના નામ સાથે ભારત કનેક્શન છે. તે સ્ટ્રાઇડર શેખર છે અને સોશિયલ મીડિયા પર તેની તાજેતરની તસવીર ચર્ચામાં છે. મસ્કના મતે, શેખરનું નામ ભારતીય ભૌતિકશાસ્ત્રી સુબ્રમણ્યમ ચંદ્રશેખરના નામ પરથી રાખવામાં આવ્યું છે.

મસ્કે તાજેતરમાં જ તેના બે બાળકો, સ્ટ્રાઇડર અને ધૂમકેતુ સાથે પોઝ આપતી એક તસવીર શેર કરી છે.

**કોણ હતા સુબ્રમણ્યમ ચંદ્રશેખર?**

પરિચય: તેઓ મહાન ભારતીય-અમેરિકન ખગોળ ભૌતિકશાસ્ત્રી (Astrophysicist) હતા.

નોબેલ પ્રાઈઝ: તેમને ૧૯૮૩માં ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર મળ્યો હતો.

ચંદ્રશેખર લિમિટ: તેમણે તારાઓના ઉત્ક્રાંતિ અને મૃત્યુ (Black Holes) અંગે મહત્વના સંશોધનો કર્યા હતા, જે ‘ચંદ્રશેખર લિમિટ’ તરીકે ઓળખાય છે. મસ્ક અવકાશ વિજ્ઞાન (SpaceX) સાથે જોડાયેલા હોવાથી તેઓ આ વૈજ્ઞાનિકથી પ્રભાવિત છે.

# અમેરિકાના સોલ્ટ લેક સિટીમાં ચર્ચ બહાર અંધાધૂંધ ગોળીબાર

**૨નાં** મોત, ૬ ઘાયલ

સોલ્ટ લેક સિટી, તા. 8 (એપી): પોલીસે જણાવ્યું હતું કે, બુધવારે રાત્રે યુએસના સોલ્ટ લેક સિટીના એક ચર્ચની બહાર જ્યારે શોકગ્રસ્ત લોકો અંતિમ સંસ્કારમાં હાજરી આપી રહ્યા હતા ત્યારે થયેલા ગોળીબારમાં બે લોકો માર્યા ગયા હતા અને છ અન્ય ઘાયલ થયા હતા.

ઉટાહ સ્થિત મોર્મન ચર્ચ તરીકે જાણીતા ધ ચર્ચ ઓફ જીસસ ક્રાઈસ્ટ ઓફ લેટર-ડે સેન્ટ્સના પૂજા ગૃહના પાછળના પાર્કિંગમાં ગોળીબાર થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, બુધવારે કોઈ શંકાસ્પદ વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવી નથી.

બધા પીડિતો પુખ્ત વયના હતા. ઘાયલોમાંથી ઓછામાં ઓછા ત્રણની હાલત ગંભીર હતી. એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે કહ્યું હતું કે, તેઓ માનતા નથી કે ગોળીબાર કરનારને કોઈ ચોક્કસ ધર્મ પ્રત્યે કોઈ દુશ્મનાવટ હતી. તેઓ એમ પણ માનતા નથી કે ગોળીબાર અચાનક થયો હતો.

સોલ્ટ લેક સિટી પોલીસ વડા બ્રાયન રેડ્ડે જણાવ્યું હતું કે, ‘‘અમે માનતા નથી કે આ કોઈ ધર્મ પ્રત્યે અથવા કોઈ લક્ષિત હુમલો હતો.’’

તેની વેબસાઈટ અનુસાર, ઉત્તરપશ્ચિમ સોલ્ટ લેક સિટી પડોશમાં આવેલ લાલ ઈંટવાળું ચર્ચ મોટા ભાગે ટોંગાન સમુદાયના લોકોની સેવા કરે છે અને તેમની માતૃભાષામાં નિયમિત પૂજા સેવાઓનું આયોજન કરે છે.

ગોળીબારનો અવાજ સાંભળીને ચર્ચની બાજુના આવાસ સંકુલના રહેવાસીઓ પીડિતોને મદદ કરવા અને લોકોને સાંત્વના આપવા બહાર દોડી આવ્યા હતા.

# દેશના 8 રાજ્યોમાં 15 કોર્ટ સંકુલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**ગુરુવારે** પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, બિહાર, ઓડિશા, મધ્ય પ્રદેશ, કેરળ અને છત્તીસગઢમાં 15 કોર્ટોને બોમ્બની ધમકી મળી

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): ગુરુવારે પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, બિહાર, ઓડિશા, મધ્યપ્રદેશ, કેરળ અને છત્તીસગઢમાં પંદર કોર્ટ સંકુલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ત્યાર બાદ કોર્ટ સંકુલો ખાલી કરાવવામાં આવ્યા હતા. પોલીસ ટીમો અને ડોગ સ્ક્વોડ તપાસ કરી રહી હતી. દરેક જગ્યાએ ગભરાટનું વાતાવરણ હતું. આ તમામ સ્થળોએ ઈ-મેઈલ દ્વારા ધમકીઓ મળી હતી.

પંજાબમાં ફિરોઝપુર, મોગા અને રોપર જિલ્લા અદાલતોને પણ ધમકીભર્યા ફોન આવ્યા હતા. જ્યારે હિમાચલ હાઈકોર્ટ અને ઓરિસ્સા હાઈકોર્ટને પણ ધમકીઓ મળી હતી.

પંજાબ પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, જિલ્લા અને સત્ર ન્યાયાધીશને તેમના ઈ-મેઈલ પર ધમકી મળી હતી, જેના કારણે કોર્ટ સંકુલો ખાલી કરાવવામાં આવ્યા હતા. જોકે, ઈ-મેઈલના મૂળ, તે કોણે મોકલ્યો હતો અથવા તેમાં શું લખ્યું હતું તે અંગે કોઈ ટિપ્પણી કરવા તૈયાર નથી.

સાવચેતીના પગલા તરીકે પાર્કિંગની જગ્યાઓ પણ ખાલી કરાવવામાં આવી હતી. ઘટનાસ્થળે પોલીસ તૈનાત કરાઈ હતી. પોલીસની ઘણી ટીમોએ કોર્ટ પરિસરની તપાસ કરી હતી. અગાઉ, અમૃતસર, જલંધર અને પટિયાલામાં શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી.

ઓડિશાના કાયદા મંત્રી પૃથ્વીરાજ હરિચંદને જણાવ્યું હતું કે, કોર્ટ પરિસરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા ખોટા ઈ-મેઈલ બાદ કલાકો સુધી કામ સ્થગિત રહ્યા બાદ ઓડિશા હાઈકોર્ટ સહિત અનેક કોર્ટમાં ન્યાયિક કાર્ય ગુરુવારે બપોરે 3 વાગ્યાની આસપાસથી ફરી શરૂ થયું હતું. અનામી ઈ-મેઈલ કટક, સંબલપુર અને દેવગઢની કોર્ટમાં મોકલવામાં આવ્યા હતા, જેના કારણે મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ તપાસનો આદેશ આપ્યો હતો અને પોલીસે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. જોકે, કોઈ શંકાસ્પદ ઉપકરણો મળ્યા નથી.

હરિચંદને પત્રકારોને જણાવ્યું હતું કે, ‘‘દેશની ઘણી કોર્ટને આવા અનામી ધમકીભર્યા ઈ-મેઈલ મળ્યા છે. ચિંતાની કોઈ વાત નથી. મેઈલ્સના સ્ત્રોતને ટૂંક સમયમાં ઓળખવામાં આવશે. સુરક્ષા ટીમો દ્વારા કરવામાં આવેલી સંપૂર્ણ શોધખોળ પછી કોર્ટ કામગીરી સંપૂર્ણપણે ફરી શરૂ થઈ ગઈ છે.’’

# અમેઠી મતદાર યાદીમાં એસઆઈઆર હેઠળ સ્મૃતિ ઈરાનીનું નામ સામેલ



અમેઠી (યુપી) તા. 8 (પીટીઆઈ): ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીનું નામ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયા હેઠળ અમેઠીની મતદાર યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. એમ અધિકારીઓ અને સ્થાનિક ભાજપ નેતાઓએ ગુરુવારે જણાવ્યું હતું.

અમેઠીના ભૂતપૂર્વ સાંસદનું નામ ગૌરીગંજ વિધાનસભા મતવિસ્તારના મેદાન મવાઈ ગામથી મતદાર તરીકે નોંધાયેલા છે, જ્યાં તેમણે એક રહેણાક મકાન બનાવ્યું છે.

ભાજપ અમેઠી જિલ્લા પ્રમુખ સુધાંશુ શુક્લાએ જણાવ્યું હતું કે, ઈરાની અગાઉ 2024ની લોકસભા ચૂંટણી દરમિયાન આ જ ગામના મતદાર તરીકે નોંધાયેલા હતા અને તેમણે પોતાના મતાધિકારનો ઉપયોગ પણ કર્યો હતો.

શુક્લાએ કહ્યું હતું કે, 2014માં અમેઠીમાં સક્રિય રાજકારણમાં પ્રવેશ કરનારી ઈરાની ત્યારથી સતત આ વિસ્તાર સાથે જોડાયેલી છે.

ભાજપ અમેઠી જિલ્લા પ્રમુખે કહ્યું હતું કે, ‘‘તેમણે 2014માં રાહુલ ગાંધી સામે ચૂંટણી લડી હતી, પરંતુ હારી ગયા હતા. તેમ છતાં તેમણે આ પ્રદેશ છોડ્યો નહીં અને 2019માં રાહુલ ગાંધીને હરાવીને અમેઠીના સાંસદ બન્યા.’’

શુક્લાએ ઉમેર્યું હતું કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ઈરાની કોંગ્રેસના ઉમેદવાર કિશોરી લાલ શર્મા સામે હારી ગયા હતા, પરંતુ તેઓ મતવિસ્તારની મુલાકાત લેવાનું ચાલુ રાખે છે અને પક્ષની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહે છે.

# જાણીતા પર્યાવરણ શાસ્ત્રી માધવ ગાડગીલનું અવસાન

**પશ્ચિમ** ઘાટના જતન સંવર્ધન માટેના પ્રયાસો માટે જાણીતા હતા

**યુએનનું** સર્વોચ્ચ પર્યાવરણીય સન્માન પણ મળ્યું હતું



પુણે, તા. 8(PTI): પશ્ચિમ ઘાટના સંરક્ષણ માટેના તેમના કાર્ય માટે જાણીતા ખ્યાતનામ પર્યાવરણશાસ્ત્રી માધવ ગાડગીલનું ટૂંકી માંદગી બાદ પુણેમાં નિધન થયું છે, તેમ પારિવારિક સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું. તેઓ 83 વર્ષના હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ગાડગીલે બુધવારે મોડી રાત્રે પુણેની એક હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેમણે ભારતની પર્યાવરણીય સંશોધન અને જતન નીતિને આકાર આપવામાં અગ્રણી ભૂમિકા ભજવી હતી. ગાડગીલ બેંગલુરુમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc) ખાતે ‘સેન્ટર ફોર ઈકોલોજિકલ સાયન્સ’ના સ્થાપક હતા અને ‘વેસ્ટર્ન ઘાટ્સ ઈકોલોજી એક્સપર્ટ પેનલ’ (WGEEP) ના અધ્યક્ષ હતા, જે ‘ગાડગીલ કમિશન’ તરીકે લોકપ્રિય રીતે જાણીતું છે. વર્ષ 2024 માં, સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા વૈશ્વિક જૈવવિવિધતાના મુખ્ય કેન્દ્ર સમાન પશ્ચિમ ઘાટ પરના તેમના મહત્વના કાર્ય માટે ગાડગીલને યુએનના સર્વોચ્ચ પર્યાવરણ સન્માન ‘ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ’ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. ગાડગિલે અનેક ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સેવા આપી હતી.



દક્ષિણ-પશ્ચિમ ચીનના ગુઇઝોઉ પ્રાંતના લિયુપાંશુઇ શહેરમાં 7 જાન્યુઆરી, 2026 ના રોજ પ્રવાસીઓએ સઘર્ન સ્નો ટાઉન પ્રોજેક્ટનો આનંદ માણ્યો હતો. મેહુઆશાન સ્કી રિસોર્ટની મુખ્ય વિશેષતાઓનો લાભ લઈને, આ પ્રોજેક્ટનો હેતુ પ્રવાસીઓને બરફના શહેરનો અસલી અનુભવ કરાવવાનો છે, જે એક લોકોને સાંસ્કૃતિક અને પર્યટન અનુભવ પ્રદાન કરે છે.